કેવડિયામાં બંધારણ દિવસ પર વિશેષ મલ્ટિ-મીડિયા પ્રદર્શને સાંસદો અને ધારાસભ્યોનું ધ્યાન આકર્ષિત કર્યું

ગાંધીનગર, તા. ૨૭

ભારતે જ્યારે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આગેવાનીમાં રાષ્ટ્રવ્યાપી ધોરણે બંધારણના આમુખનું વાંચન કરવાની સાથે ઉત્સાહભેર ૭૧મા બંધારણ દિવસની ઉજવણી કરી હતી, ત્યારે ગુજરાતના કેવડિયામાં બંધારણ દિવસના ઉપક્રમે

આયોજિત એક વિશેષ પ્રદર્શને સાંસદો અને ધારાસભ્યોનું ધ્યાન આકર્ષિત કર્યું હતું.

આ પ્રદર્શનનું આયોજન ગુજરાતમાં કેવડિયામાં સ્થિત સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે આયોજિત ૮૦મી ઓલ ઈન્ડિયા કોન્ફરન્સ ઓફ પ્રિસાઈડીંગ ઓફિસર્સના ભાગરૂપે પાર્લામેન્ટરી મ્યુઝિયમ એન્ડ આર્કાઈવ્સ સાથે જોડાણમાં માહિતી અને પ્રસારણ મંત્રાલયના બ્યૂરો ઓફ આઉટરિચ કમ્યુનિકેશન દ્વારા સંયુક્તપણે થયું હતું. એનું ઉદ્‌ઘાટન લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ બુધવારે કર્યું હતું. પ્રદર્શનમાં દેશમાં લોકતાંત્રિક પરંપરાની સફરના મૂળિયા સુધીની જાણકારી આપવામાં આવી હતી, જેમાં વૈદિક યુગથી શરૂ કરીને લિચ્છવી પ્રજાસત્તાકથી લઈને આધુનિક ભારતના નિર્માણમાં બંધારણના સ્વીકાર સુધીની સફરના દર્શન કરાવવામાં આવ્યાં હતાં.

૧,૬૦૦ ચોરસ ફીટમાં પથરાયેલાં આ મલ્ટિ મીડિયા પ્રદર્શનમાં સ્ટીલની ૫૦ પેનલ, એક પ્લાઝમા ડિસ્પ્લે, ઈન્ટરેક્ટિવ ડિજિટલ ફ્લિપ બુક, આરએફઆઈડી કાર્ડ રીડર, ઈન્ટરેક્ટિવ સ્ક્રીન, ડિજિટલ ટચ વોલ વગેરેનો ઉપયોગ થયો હતો.

અધ્યક્ષે મલ્ટિ-મીડિયાના ઉપયોગની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે ઈન્ટરેક્ટિવ પ્રદર્શનથી માહિતીને વધારે રસપ્રદ બનાવી શકાય છે. તેમણે જણાવ્યું હતું કે પ્રદર્શનમાં બંધારણની રચનાનો ઘટનાક્રમ રજૂ કરવામાં આવ્યો હતો અને આ પ્રકારનું પ્રદર્શન દેશના વિવિધ રાજ્યોમાં આપણી લોકતાંત્રિક પરંપરા વિશે જાગૃતિ લાવવા માટે યોજવું જોઈએ.

ભારતના બંધારણની રચનામાં આર્કાઈવલ સામગ્રીનો વિગતવાર ઉપયોગ થયો હતો. દુર્લભ ફિલ્મ ફૂટેજ થકી બંધારણની રચના સાથે સંલગ્ન ઘટનાઓ દર્શાવવામાં આવી હતી, ડો. બી આર આંબેડકર, ડો. રાજેન્દ્ર પ્રસાદ, પંડિત જવાહરલાલ નેહરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, શ્યામાપ્રસાદ મુખર્જી જેવા બંધારણ સભાના મહત્ત્વપૂર્ણ સભ્યોએ આપેલા પ્રવચનો મુંબઈ સ્થિત ફિલ્મ ડિવિઝન ઓફ ઈન્ડિયાની આર્કાઈવ્સમાંથી મેળવવામાં આવ્યાં હતાં.

એક પ્લાઝમા ડિસ્પ્લે પર કોઈ પણ મુલાકાતી બંધારણનું આમુખ વાંચવા વિવિધ ભારતીય ભાષામાંથી કોઈ પણ ભારતીય ભાષા પસંદ કરી શકે એવી સુવિધા પ્રદાન કરવામાં આવી હતી. ડિજિટલ ફ્લિપ બુક દ્વારા બંધારણમાંથી ચિત્રોની ઝાંખી આપવામાં આવી હતી. જ્યારે ડિજિટલ ટચ વોલ આપણા વિવિધ રાષ્ટ્રીય ચિહ્નો વિશે જાણકારી આપતી હતી, ત્યારે અન્ય ડિજિટલ સ્ક્રીન બંધારણની રચનાનો ઘટનાક્રમ દર્શાવતી હતી. અન્ય ડિસ્પ્લે વોલ ભારતના બંધારણનો મુસદ્દો તૈયાર કરવામાં દુનિયાના અન્ય બંધારણોનાં પ્રભાવ વિશે જાણકારી આપતી હતી.

આરએફઆઈડી કાર્ડ રીડર એક ઈન્ટરેક્ટિવ ડિસ્પ્લે છે, જેમાં બંધારણસભાના સભ્યનું નામ ધરાવતું કાર્ડ મૂકીને એમની પ્રોફાઈલ અને પ્રદાનને સ્ક્રીન પર વાંચી શકાય છે. આ રીડર વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. કાર્ડની ત્રણ કેટેગરી ડિસ્પ્લે પર મૂકવામાં આવી હતી – મુસદ્દા સમિતિના સભ્યો, બંધારણસભાની મહિલા સભ્યો અને હંસા મહેતા અને કનૈયાલાલ મુનશી જેવી જાણીતી હસ્તીઓ સાથે બંધારણ સભામાં ગુજરાતના સભ્યો.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વિઝિટર્સ બુકમાં લખ્યું હતું કે "આ ગેલેરી સેંકડો દીઘર્દ્રષ્ટા નેતાઓના ભગીરથ પ્રયાસને વ્યક્ત કરે છે. કલેક્શન સુંદર રીતે ભૂતકાળના નમૂના ધરાવે છે અને એને પ્રોજેક્ટ કરવા શક્ય તમામ ડિજિટલ સંસાધનનો ઉપયોગ કરવામાં આવ્યો છે." ઉપરાંત આ પ્રદર્શનની મુલાકાત કેન્દ્રીય સંસદીય મંત્રી, કોલસા અને ખનીજ મંત્રી પ્રહલાદ જોશી અને રાજ્ય કક્ષાના સંસદીય મંત્રી અર્જુન રામ મેઘવાલ તથા વિવિધ રાજ્યોની ધારાસભાઓના અધ્યક્ષોએ લીધી હતી.

વડનગર ખાતે તાના-રીરી મહોત્સવ યોજાયો

વડનગર ખાતેના તાનારીરી મહોત્સવ-૨૦૨૦નો ગાંધીનગરથી ઇ-પ્રારંભ : મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી હસ્તે વડનગર ખાતે તાના-રીરી પરફોર્મીંગ આર્ટસ કોલેજનું ઇ-લોકોર્પણ કરાયું : અનુંરાધા પૌંડવાલ મુંબઇ અને વર્ષાબેન ત્રિવેદી ભાવનગરને તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રીએ અર્પીત કર્યો

મહેસાણા, તા. ૨૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તાનારીરી મહોત્સવ-૨૦૨૦નોઈ-પ્રારંભ કરાવતા જણાવ્યુ કે, ગુજરાતે માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કેએઈકલ્ચરલ ડેવલપમેન્ટ નહિ પરંતુ તેની સાથો સાથ કલા, સાહિત્ય, સંગીત, રમત-ગમત જેવા ક્ષેત્રોમાં પણ અગ્રેસર રહેવાની પરંપરા ઉભી કરી છે.

મુખ્યમંત્રીએ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, રમત-ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્યમંત્રી ઈશ્વરભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સ દ્વારા જોડાઈને વડનગર ખાતે યોજાઈ રહેલા તાનારીરી મહોત્સવનું ઉદઘાટન કર્યુહતુ. તેમણે તાનારીરી કોલેજ ઓફ પરફોર્મીંગ

આર્ટ્સનો પણ શુભારંભ આ અવસરે કરાવ્યો હતો

મુખ્યમંત્રીએ કહ્યું કે, તાનારીરી મહોત્સવ એ તજજ્ઞ સંગીતજ્ઞો અને સંગીતરસીકો માટે એક અભૂતપૂર્વ આકર્ષણ બન્યો છે. માત્ર ભારતમાં જ નહિ પરંતુ દેશ-વિદેશમાં તેની ખ્યાતી વિસ્તરી છે અને ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં પણ આ મહોત્સવ સ્થાન પામ્યો છે, તે ખાસ કરીને ગુજરાત માટે ગૌરવપૂર્ણ બાબત છે.

વિજયભાઈ રૂપાણીએ કહ્યુ કે ગુજરાતમાં કલા-સાહિત્ય અને સંગીત ક્ષેત્રની પાંગરતી પ્રતિભાઓને વિશાળમંચ આપવા કલા મહાકુંભનું આયોજન કરીને ૧૧ લાખ ૩૮ હજાર જેટલા લોકોને કલા કૌશલ્યની તક આપી છે. તેમણે કહ્યુ કે, ગુજરાતમાં વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૩ના વર્ષથી આ તાનારીરી મહોત્સવ શરૂ કરાવીને આધ્યકવિ નરસિંહ મહેતાની દોહિત્રીઓ તાના અને રીરીના સંગીત અને ગાયન ક્ષેત્રના ઈતિહાસને હાલની પેઢી સમક્ષ ઉજાગર કરી અમરત્વ બક્ષ્યુ છે.

મુખ્યમંત્રીએ રાજ્યમાં કલા-સાહિત્ય-સંગીત સાથો સાથ નાટક, પેઈન્ટીંગ, ફોટોગ્રાફી અને શિલ્પકલા ક્ષેત્રોમાં પણ સંગીત નાટક અકાદમી દ્વારા ગૌરવ પૂરસ્કાર આપીએ છીએ તેમ ગૌરવસહ જણાવ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું કે, રાજ્યના યાત્રાધામો સોમનાથ, દ્વારકા, ડાકોર, અંબાજી, શામળાજી, ઉનાઈ, ચોટીલા, ખોડિયાર અને શુકલતીર્થ માટે વિવિધ ઉત્સવોનું આયોજન કરીએ છીએ એટલુ જ નહિ પાટણની રાણકી વાવ અને મોઢેરાના સૂર્યમંદિરમાં પણ શાસ્ત્રીય ગાયન અને ઉત્તરાર્ધ ઉત્સવથી આપણે સંગીત કલા સંસ્કૃતિની ધરોહરને વધુ ઉજ્જ્વળ બનાવી છે અને જે સર્જનાત્મક શક્તિ કલાકારોમાં ઈશ્વરે આપી છે તેને વધુ પ્રોત્સાહીત કરીએ છીએ.

મુખ્યમંત્રીએ તાનારીરી એવોર્ડ-૨૦૨૦ અંતર્ગત સુપ્રસિદ્ધ ગાયિકા અનુરાધા પોંડવાલ અને વર્ષાબેન ત્રિવેદીને એવોર્ડથી પુરસ્કૃત કર્યા હતા.

મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે તાના-રીરી પર્ફોર્મીંગ આર્ટસ કોલેજનો ઈ-શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રી હસ્તે ગાંધીનગર ખાતેથી તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ સંયુક્ત પણે અનુંરાધા પૌંડવાલ મુંબઈ અને સુશ્રી વર્ષાબેન ત્રિવેદી ભાવનગરને અર્પણ કરાયો હતા

આ ઉપરાંત ઈ-માધ્યમ દ્વારા તાના-રીરી મહોત્સવનો અને પર્ફોર્મીંગ આર્ટસ કોલેજનો શુંભારંભ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના મંત્રી ઈશ્વરસિંહ પટેલ

દ્વારા કરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લખનીય છેકે તાના-રીરી પર્ફોર્મિંગ આર્ટસ કોલેજ વડનગર ખાતે ડિપ્લોમા અનુંસ્નાતક કક્ષાના નૃત્ય વિભાગમાં ભરત નાટ્યમ, કથ્થક અને વાધ ગાયન વિભાગમાં હાર્મોનિયમ, ગિટાર, તબલા, વાસંળી વાદન, વાયોલીન, કી-બોર્ડના અને શાસ્ત્રીય ગાયનના અભ્યાસક્રમો શરૂ થનાર છે.

તાના-રીરી મહોત્સવમાં વર્ષ ૨૦૧૦થી તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ આપવાની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી

નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપવાની શરૂઆત કરાઈ હતી. આ એવોર્ડમાં રૂ. ૦૫ લાખની રાશી (સંયુક્ત રીતે રૂ ૦૨.૫૦ રૂપિયા), તામ્રપત્ર અને શાલ એનાયત કરવામાં આવે છે.

આ મહોત્સવમાં સુશ્રી અનુંરાધા પૌંડવાલ, સાધના સરગમની સાથે અભિષેક જોષી, પૃથ્વી કડી, વર્ષાબેન ત્રિવેદી, પંડિત વિજયકુમાર ગંગાધર સંત, શીતલ બારોટ નૃત્યકલા એજ્યુકેશન ટ્રસ્ટના કલાકારો સ્ટેજ પર્ફોમન્સ આપ્યું હતું. આ મહોત્સવમાં ઓનલાઈન માધ્યમથી નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના મંત્રી ઈશ્વરસિંહ પટેલ. અધિક મુખ્ય સચિવ સી.વી.સોમ જોડાયા હતા.

આ મહોત્સવમાં વડનગરમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદામીના અધ્યક્ષ પંકજભાઈ ભટ્ટ,ધારાસભ્ય સર્વેશ્રી ડો આશાબેન પટેલ, અમજલમજી ઠાકોર,રમણભાઈ પટેલ, ઋષિકેશભાઈ પટેલ,નર્મદા નિગમના ડિરેક્ટર વી.વી.રાવલ જિલ્લા કલેકટર એચ.કે.પટેલ,જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય.દક્ષિણી,જિલ્લા પોલીસ અધિક્ષક ડો.પાર્થરાજસિંહ ગોહીલ,નિવાસી અધિક કલેકટર પ્રદિપસિંહ રાઠોડ,હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિના વાઈસ ચાઈન્સલેર વોરા સહિત અધિકારીઓ,પદાધિકારીઓ અને પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ સંગીત મહોત્સવમાં કલારસિકો સંગીત,મર્મજ્ઞો અને તાલના સમર્થકો કલાકારોના સ્વર અને સૂરમાં તલ્લીન બની ગયા હતા.

જન્મદિને વધામણી

સુર્યાબેન સુરેશભાઈ પ્રજાપતિ
મો. ૯૨૭૪૮ ૬૦૮૬૦

હિતાર્થ વિપુલકુમાર દરજી
મો. ૯૭૨૩૬ ૨૩૧૪૪

જિજ્ઞેશકુમાર જીવણજી ઠાકોર
મો. ૮૧૪૧૬ ૫૬૨૨૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

ઓ.એન.જી.સી.ની પરીક્ષાની તૈયારી માટે શું કરવુ જોઇએ? માહિતી આપશો

કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શન પ્રશ્નમંચ
હાર્દિક કે પરીખ

નમસ્કાર. "કરિયર કોર્નર" કૉલમ ને વાચકમિત્રો તરફ થી ખૂબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને દરેક વાચકમિત્રો ને કરિયર વિષે અને કરિયર ને લગતા વિવિધ વિકલ્પોની માહિતી આપવી એજ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.આપના કરિયરને લગતી કોઈ પણ મૂંઝવણ હોય એને દૂર કરવાનો અમે સતત પ્રયાસ કરીએ છીએ.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/HardikParikhOfficial પર.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

૧. ધોરણ ૧૨ બી-ગ્રૂપ માં અભ્યાસ કરું છું. મને આયુર્વેદિક શાખામાં જવાની ઇચ્છા છે.બી.એ.એમ.એસ ડિગ્રી વિષે માહિતી આપશો.

- પારસ પટેલ, ગાંધીનગર

બેચલર ઓફ આયુર્વેદિક મેડિસિન એન્ડ સર્જરી (બીએએમએસ) તબીબી ક્ષેત્રે સંકલિત ભારતીય ડિગ્રી છે. આ ડિગ્રી પ્રોગ્રામ એ એવા વિદ્યાર્થીઓને અપાય છે જેઓ આધુનિક દવાઓ અને પરંપરાગત આયુર્વેદનો અભ્યાસ કરે છે. આયુર્વેદ વિશ્વની પ્રાચીન તબીબી પદ્ધતિઓમાંની એક છે. તે તેની મૂળ વેદિક અવધિ તરફ દર્શાવે છે બી.એમ.એસ. (આયુર્વેદિક દવા અને સર્જરીનો સ્નાતક) એ આયુર્વેદિક દવા અને શસ્ત્રક્રિયા પ્રણાલીની શરૂઆતની ડિગ્રી છે, આયુર્વેદિક દવા અને સર્જરી (બે.એમ. એ.એસ.) ની બેચલર આયુર્વેદિક પદ્ધતિમાં સ્નાતક ડિગ્રી કોર્સ છે. આ ડિગ્રી ૫ વર્ષ અને ૬ મહિનાની ડિગ્રી પ્રોગ્રામ પૂર્ણ કર્યા પછી આપવામાં આવે છે જેમાં ૪ અને ૧/૨ વર્ષના શૈક્ષણિક સત્ર અને જીવંત વ્યવહાર સાથે એક વર્ષનો ઈન્ટર્નશીપ પ્રોગ્રામ છે. યુ.જી.(અન્ડર ગ્રેજ્યુએટ) ડિગ્રી કોર્સને પ્રત્યેક ૧.૫ વર્ષના ત્રણ ભાગોમાં વિભાજિત કરવામાં આવે છે. આ વિભાગો ત્રણ વ્યાવસાયિક અભ્યાસક્રમો તરીકે ઓળખાય છે. પ્રથમ વ્યવસાયિક કોર્સમાં વિદ્યાર્થીઓને આયુર્વેદિક પદ્ધતિના શરીરરચના, શરીરવિજ્ઞાન અને ઈતિહાસ વિશે શીખવવામાં આવે છે. બીજા કોર્સમાં તેઓને ઝેરી વિજ્ઞાન અને ફાર્માકોલોજી વિશે શીખવવામાં આવે છે અને અંતિમ કોર્સમાં શસ્ત્રક્રિયા, ઈ.એન.ટી., ત્વચા, પ્રસૂતિશાસ્ત્ર અને સ્ત્રીરોગવિજ્ઞાન શામેલ છે.આપ હાલ ૧૨ સાયન્સ માં છો તો બરાબર મેહનત કરી ને સારા માર્કસ લાવી આપ આ ક્ષેત્ર માં આગળ વધી શકો છો. હાલમાં આયુર્વેદિક દવાઓ અને સારવારની માંગ ખૂબ વધી છે. વધુમાં લોકોનો તેના પર વિશ્વાસ પણ ખૂબ વધ્યો છે. લોકો વિદેશોમાંથી ભારત આયુર્વેદિક સારવાર લેવા સ્પેશિયલ આવતા થયા છે. ભારત સરકાર દ્વારા પણ ખાસ આયુષ નામક મંત્રાલય બનાવવામાં આવ્યું છે જેથી આવી વૈકલ્પિક ઉપચારની પદ્ધતિઓને પ્રોત્સાહન મળે. તેથી આ ક્ષેત્રે એક ઉજ્જ્વળ ભવિષ્ય ચોક્કસ બની શકે છે. શુભકામનાઓ એક સફળ અને ઉજ્જ્વળ કારકિર્દી માટે.

૨. હું બી.કોમના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરું છું. મને આવનાર ડિસેમ્બરમાં આવનાર સી.એ.પી.એફ ની પરીક્ષા વિષે માહિતી આપશો.

- ધીરજ રાવલ, રાજકોટ

કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ (સીએપીએફ) એ ગૃહ મંત્રાલયના અધિકાર હેઠળ ભારતમાં સાત સુરક્ષા દળોના સમાન નામકરણનો સંદર્ભ આપે છે. તેઓ આસામ રાઈફલ્સ (એઆર), સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ), બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ), સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (સીઆઈએસએફ), નેશનલ સિક્યુરિટી ગાર્ડ (એનએસજી), ઈન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસ (આઈટીબીપી) અને સશસ્ત્રસીમા બાલ (એસએસબી).આ જે જગ્યાઓ છે એ મુખ્યત્વે ૩ પ્રકારે ભરવામાં આવે છે. એક છે ગેઝેટેડ અધિકારી જે યુ.પી.એસ.સી. દ્વારા લેવામાં આવતી સેન્ટ્રલ સશસ્ત્ર પોલીસ દળ (સહાયક કમાન્ડન્ટ્સ) ની પરીક્ષા દ્વારા સીએપીએફમાં અધિકારીઓની ભરતી કરવામાં આવે છે.બીજુ છે સબઓર્ડિનેટ ઓફિસર જે સ્ટાફ પસંદગી આયોગ(એસ.એસ.સી) દ્વારા લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા પેટા નિરીક્ષકોની ભરતી કરવામાં આવે છે અને તેઓને ડીએસઓ (સીધા નિમણૂક કરેલા સબઓર્ડિનેટ અધિકારીઓ) તરીકે ઓળખવામાં આવે છે.અને ત્રીજી જગ્યા છે કોન્સટેબલ માટે સ્ટાફ પસંદગી આયોગ(એસ.એસ.સી) દ્વારા લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા નિયુક્ત કરવામાં આવે છે.હવે જો આ બધા માટે લેવામાં આવતી પરીક્ષા ની વાત કરીએ તો આ પરીક્ષા સ્નાતક કક્ષા ના વિદ્યાર્થીઓઆપી શકે છે.૨૦ થી ૨૫ વર્ષ સુધી ના વિદ્યાર્થીઓ આ માટે લાયક ઉમેદવાર છે.એ માટે તમે ઓનલાઈન ફોર્મ થકી અપ ઉમેદવારી નોંધાવી શકો છો. આ પરીક્ષા મુખ્યત્વે ત્રણ તબક્કા માં થાય છે.પ્રથમ તબક્કા માં ઓબ્જેક્ટિવ રૂપે જનરલ એબીલીટી અને સામાન્ય જ્ઞાન ના પ્રશ્નો પુછવામાં આવે છે.બીજા તબક્કા માં આપનું મેડિકલ અને ફિઝિકલ ચેકિંગ થાય છે.અને છેલ્લે ઈન્ટરવ્યુ થકી ભરતી કરવામાં આવે છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

૩. મે ગ્રેજ્યુએશન સુધી અભ્યાસ કરેલ છે. ઓ.એન.જી.સી.ની પરીક્ષાની તૈયારી માટે શું કરવુ જોઇએ?માહિતી આપશો.

- તર્પણ પુરોહિત, અમદાવાદ

આપનો સવાલ ખૂબ સારો છે અને સાથે સાથે ખૂબ વિશાળ પણ છે.વિશાળ એટ્લા માટે કે તમે ઓ.એન.જી.સી.માં કઈ પરીક્ષા આપવા માંગો છો તે સ્પષ્ટ કર્યુ નથી. તમારું બેક ગ્રાઉંડ બી.એસ.સી. છે તો આપની પાસે અમુક વિકલ્પ છે જેના વિષે અમે આપણે જણાવીશું.એક તો તમે બી.એસ.સી પછી એમ.એસ.સી કરી શકો છો. ઓ.એન.જી.સી.માં એમ.એસ.સી.ના વિધ્યાર્થી માટે જગ્યા બહાર પડ્તી હોય છે જે માટે આપને જી.એ.ટી.ઈ. (ગ્રેજ્યુએટ એપ્ટિટ્યૂડ ટેસ્ટ ઈન એંજીન્યરિંગ) આપવાની હોય છે જેમાં મેરિટ પ્રમાણે અને ત્યાર બાદ ઈન્ટરવ્યુ બાદ આપને પ્રવેશ આપવામાં આવે છે. બીજો વિકલ્પ એ છે કે બી.એસ.સી બાદ એમ.બી.એ વીથ એચ.આર અથવા ફાઈનાન્સ કરી શકો છો.ત્યારબાદ તમે તેને લગતી પ્રવેશ પરીક્ષા આપી શકો છો જેમાં સામાન્ય એપ્ટિટ્યુડના પ્રશ્નો અને ત્યાર બાદ ઈન્ટરવ્યુ હોય છે. ઈન્ટરવ્યૂ પાસ કર્યા બાદ સિલેકશન થઈ શકે છે. એમ.બી.એ તમારે સારી કોલેજમાંથી કરવુ હિતાવહ છે જેના માટે તમે સી.એ.ટી, સી.એમ.એ.ટી. જેવી પરીક્ષા આપી શકો છો. વધુ માહિતિ માટે તમે ઓ.એન.જી.સી.ની વેબસાઈટ પર જઈ શકો છો અથવા અમને ઈમેલ કે વોટ્સએપ કરી શકો છો.ઓલ ધ બેસ્ટ.

ઈમેલ:questions.careercorner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercorner

સાદરાના પ્રોફેસર ડૉ. નીરજ સિલાવટને સુયશ

ગાંધીનગર, તા.૨૭

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાના પ્રોફેસર ડૉ. નીરજ સિલાવટને ભારત સરકારના નિતી આયોગ તથા યુવા ખેલ ઔર સંસ્કૃતિ વિભાગ, ભારત સરકાર તથા રાજયના રાષ્ટ્રીય સેવા યોજનાના ક્ષેત્રીય કેન્દ્ર દ્વારા સુયશ આપવામાં આવ્યું છે ભારત સરકારના નિતી આયોગના અતિરિક્ત સચિવ આર. રમણન દ્વારા ડૉ નીરજ સિલાવટને અટલ ઈનોવેશન મિશન અંતર્ગત કરેલી વિશેષ કામગીરી બદલ અભિનંદન આપવામાં આવ્યું છે ડૉ નીરજ સિલાવટે સંપૂર્ણ લોકડાઉન અને અનલોકના વિવિધ ચરણોમાં ગુજરાત ખાતેથી ગૂજરાત વિધાપીઠના પ્રોફેસર તરીકે અટલ ઈનોવેશન મિશનની વિવિધ કામગીરી જેવીકે ભાષા અનુવાદ અને નિતી આયોગને લગતી જરૂરી માહિતીની આપ લે કરી હતી અને સમયસર અટલ ઈનોવેશન મિશન માટે વિશેષ કામગીરી કરી હતી તેના પેહલા પણ ડૉ. નીરજ

સિલાવટને રાષ્ટ્રીય સેવા યોજના સેલ, યુવા ખેલ ઔર સંસ્કૃતિ વિભાગ, ભારત સરકાર દ્વારા વિશેષ તજજ્ઞ તરીકે દિલ્લી આમંત્રિત કરવામાં આવ્યું હતું અને ડૉ. નીરજ સિલાવટે રાષ્ટ્રીય સેવા યોજના સેલ, યુવા ખેલ ઔર સંસ્કૃતિ વિભાગ, ભારત સરકારના સચિવશ્રી અને સેલના પ્રોગ્રામ એડવાઈઝની સામે ગૂજરાત વિધાપીઠમાં ચાલતી અને વિશેષ ગામડાઓમાં ચાલતી વિવિધ રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિઓનું એક પ્રેઝેન્ટેશન પણ આપ્યું હતું તેમની આ વિશેષ કામગીરી કરવા બદલ ગૂજરાત વિધાપીઠના કુલનાયકશ્રી ડૉ. અનામિકભાઈ શાહ અને કા. કુલસચિવશ્રી ડૉ. ભરતભાઈ જોશી, નિયામકશ્રી ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી, રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજકશ્રી ડૉ. અરુણભાઈ ગાંધી, શારીરિક શિક્ષણ વિભાગ સાદરાના ડીનશ્રી ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ ડૉ. નીરજ સિલાવટને અભિનંદન અને શુભેચ્છા આપી છે

જન્મદિવસ ની પ્રેરણાદાયક ઉજવણી

ગાંધીનગરમાં વસવાટ કરતા સાથે સાથે વાસ્તુ ઈમેજીન, ચાંદખેડા અને જય મહારાજ પફ સ્ટેશન, મોટેરા એમ બે ફર્મ ચલાવનાર બે સાથી મિત્રો રાજાભાઈ કાદરી અને રાકેશભાઈ પ્રજાપતિ બંને ની ભાઈબંધી ને સલામ છે. કેમકે ઘણાં વર્ષોથી સાથે કામ કરતાં અને એક હિંદુ અને એક મુસ્લિમ છે છતાં હંમેશા 'હમ સબ એક હૈ' એજ ભાવના સાથે આગળ વધી રહ્યા છે. એમાંના રાજાભાઈ કાદરી ના સુપુત્ર જૈદના જન્મ દિવસ નિમિતે પિતાના ઉચ્ચ વિચાર સાથે પોતાના જય મહારાજ પફ સ્ટેશન, મોટેરાનો સૌથી બેસ્ટ ગરમાં ગરમ પફ ગાંધીનગરના અલગ અલગ સ્લમ વિસ્તારમાં ગરીબ બાળકોને અને જરૂરીયાતમંદ લોકોને કુલ ૩૦૦થી પણ વધુ પફ નું વિતરણ કરી સાચા અર્થમાં જન્મ દિવસની ઉજવણી કરી બીજા માટે એક પ્રેરણાદાયક બન્યા હતા. વિતરણ બાદ

પિતા રાજાભાઈનું સમાજ ને એક મેસેજ આપવો છે કે પોતાના સંતાનની જન્મ દિવસ ની ઉજવણી જરુરિયાતમંદ લોકોને મદદરૂપ થઈ ઉજવજો એમાં એક અનેરા આનંદની લાગણીનો અનુભવ થાય છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન રાધે-રાધે પરીવાર ગ્રુપ ના સાથી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.